<u>એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ શ્રી એસ.આઇ.પટેલ સાહેબશ્રીની કોર્ટમાં, ઉમરગામ</u>

<u>ફોજદારી કેસ નંબર:-૭૪૭/૨૦૨૬</u>

<u>આંક</u>:- 6

| ફરીયાદી:- | નામદાર સરકારશ્રી |
|---|---|
| -:: વિરૂધ્ધ ::- | |
| આરોપી :- | **જીગરકુમાર રણછોડભાઈ કુરાડા**<br>રહે. વંકાસ ગુદેરપાડા, તા. ઉમરગામ જી. વલસાડ. |

**ગુન્હો:- ગુજરાત પ્રોહીબીશન એક્ટ,૧૯૪૯ની કલમ-૬૬(૧)બી મુજબ...**

**-:: <u>ઠરાવ</u> ::-**

**(૧)** આ કામના આરોપી વિરૂધ્ધ ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવ્યા મુજબની તારીખે, સમયે અને સ્થળે વગર પાસ પરમીટે કેફી પીણુ/દારૂ પીધેલી હાલતમાં, જાહેર રસ્તા કે શેરીમાં ઉપદ્રવ ઉભો કરી અશિષ્ટ અને અસભ્ય ભાષાનો ઉપયોગ કરી અથવા તો અન્ય સાથે મારામારી કરી,અશ્લીલ વર્તન કરી ગુજરાત પ્રોહિબીશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૬૬(૧)બી,૮૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ નોંધાવેલ, જે અનુસંધાને ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં વિનામુલ્યે ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

સદરહું કામે આરોપી તરફે આંક:-3 થી ગુજરાત પ્રોહિબીશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૮૫(૧) ના ગુન્હામાં ડિસ્ચાર્જ કરવા અરજી રજુ કરેલ. જે અરજી મંજુર કરતા આરોપીને ગુજરાત પ્રોહિબીશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૮૫(૧) ના ગુન્હામાં ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તથા અન્ય ગુન્હા અંગેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપી ધ્વારા પોતાની સામેના ગુન્હાનો સ્વેચ્છીક રીતે સ્વીકાર કરેલ છે. તેમજ અલાયદા કબુલાત પુરશીશ રજુ કરી સ્પષ્ટપણે ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીએ ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરવા ખાતરી આપેલ છે. તેમજ આર્થિક સ્થિતીને ધ્યાને લઇ ગરીબવર્ગના માણ હોય દયા કરવા અરજ

કરેલ છે.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસીંહ હીરચંદજી ઠાકોર,૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯</u>**, ના ચુકાદામાં ઠરાવેલ લીગલ રેશીયોને ધ્યાને લીધો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં ઠરાવેલ છે કે, કેસના સંજોગો, ગુન્હાની ગંભીરતા, પ્રમાણ તથા આરોપીની સ્થિતીને ધ્યાને લેતાં યોગ્ય કારણો હોય તો કાયદામાં પ્રવર્તમાન સજા કરતા ઓછી સજા કે ઓછો દંડ અદાલત કરી શકે છે .

કાયદાનો હેતુ માત્ર અને માત્ર ડીટેરેન્ટ નથી, પરંતુ સુધારાત્મક પણ છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેમજ આરોપીની આર્થિક સ્થિતિ, સજાની જોગવાઇ વિગેરે સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને નિયત સજા કરતાં ઓછી સજા કે ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતને માનવું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨/ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ- ૨૭૫ અન્વયે, ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ-૬૬(૧)બી અન્વયેના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી **રૂપીયા ૧૦૦/-** (અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, આરોપીને દિન-૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી માહે માર્ચ ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(S .I. PATEL)
Additional Chief Judicial Magistrate.
Code No. GJ01096

Place :- UMBERGAON
Date :- 14/03/2026

ફોજ. દંડ રૂા. ૧૦૦/-
અંકે રૂપિયા એક સો પુરા
ફોજ. દંડ રસીદ નં. [illegible]
થી જમા લીધા.

તા. ૧૪/૩/૨૬
ઉમરગામ

નાઝીર
પ્રિન્સી. સિનિ. સિવિલ કોર્ટ ઉમરગામ